<table>
<tr><td rowspan="5">GJBK010003532026</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૩૦/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td colspan="3">૩૦/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૧૯/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૦</td><td>૨૦</td></tr>
</table>

**બનાસકાંઠા જિલ્લાના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**<u>ક્રિમિનલ પરચુરણ અરજ: ૬૨૬/૨૦૨૬</u>**

**આંક.**

**<u>અરજદાર</u>** : **મેવાભાઈ માધાભાઈ ઠાકોર**
ઉ.વ. ૫૦, ધંધો – મજુરી,
રહે. નેસડા, તા. ભાભર,
જિ. બનાસકાંઠા.

**<u>વિરૂધ્ધ</u>**

**<u>સામાવાળા</u>** : **શ્રી સરકાર**

| | |
|---|---|
| **<u>ગુનો</u> :–** | ભાભર પોલીસ સ્ટેશન ભાગ–બી ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૯૯૬૦૦૨૨૬૦૦૫૮/૨૦૨૬, ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમની કલમ–૩,૩(૩),૫(સી) તથા બી.એન.એસ.એકટની કલમ–૩૨૯ મુજબ. |

| | |
|---|---|
| **<u>અરજ</u> :–** | બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા બાબત. |

અરજદાર તરફે વિ. વકીલ શ્રી કે.એ. સાંચોડા
સામાવાળા તરફે વિ. સ્પે.પી.પી. શ્રી ટી.એ. ત્રીવેદી

**–:: <u>જ જ મે ન્ટ</u> ::–**

૧. હાલની જામીન અરજી અરજદાર ભાભર પોલીસ સ્ટેશન ભાગ–બી ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૯૯૬૦૦૨૨૬૦૦૫૮/૨૦૨૬, ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમની કલમ–૩,૩(૩),૫(સી)

તથા બી.એન.એસ. ની કલમ–૩૨૯ મુજબના ગુન્હાના કામે જયુડીશીયલ કસ્ટડીમાં હોય, બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા સારૂ કરવામા આવેલ છે.

૨. ઉપરોકત અરજીના કામે સામાવાળાને નોટીસ ઇશ્યુ કરતાં, વિ. સ્પે.પી.પી. શ્રી ટી.એ.. ત્રીવેદી હાજર થયેલ છે અને આંક.૦૯ થી ત.ક.અધિકારીશ્રી તરફે સોગંદનામું રજુ થયેલ છે.

૩. અરજદાર તરફે વિ. વકીલ શ્રી કે.એ.. સાચોડાએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર સદર ખેતીની જમીનમાં વર્ષોથી ખેતી કરી તેમના કબજા ભોગવટા તથા માલિકી હકક આવેલ છે અને તેમાં અરજદારનો કબજો ભોગવટો છે. અરજદારે સદર ખેતીની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બળજબરીપુર્વક કોઇ કબજો પડાવી દીધેલ હોય તેવું બનેલ નથી. અરજદારે સતત એકધારા કબજા ભોગવટા વાળી જમીનમાં ખેતી કરી તેમનું ગુજરાન ચલાવે છે. અરજદારે કોઇ મુળ ફરિયાદી પાસેથી કબજો લીધેલ હોય તેવું બનેલ નથી કે તેઓએ કોઇ ધાક ધમકી આપી સદરહુ ખેતીની જમીનમાં પ્રવેશ કરેલ હોય તેવું બનેલ નથી. ફરિયાદીએ ખેતીની જમીન વેચાણ લીધેલની હકીકત જણાવેલ છે તેમાં સદર જમીન વેચાણ લેતાં પહેલાં સ્થળ સ્થિતિ ઉપર આવેલ નથી કે જમીન દેખેલ નથી પરંતું સદર જમીન તેમને વેચાણ દસ્તાવેજ તા. ૮/૧૧/૨૦૨૪ નો કરેલ ત્યારબાદ સ્થળ ઉપર જતા કબજો આપેલ ન હોઇ તેથી તા. ૨/૦૧/૨૦૨૫ ના રોજ અરજી કરેલ. અરજદાર સદર જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલ હોય કે મુળ ફરિયાદી તેમની પાસે આવેલ હોય કોઇ વાતચીત કરેલ હોય તો તેઓ સીધા પોલીસ સ્ટેશન જઇ તેમના વિરૂધ્ધ ફરિયાદ કરી શકત તેવુ કાંઇ બનેલ નથી. અરજદાર ઉપરોકત અરજીના મથાળે જણાવેલ સ્થળે કાયમી રહે છે અને સ્થાવર તેમજ

જંગમ મિલ્કત ધરાવે છે ત્યારે કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. ઘણા લાંબા સમયથી જેલમાં છે અને વધુ સમય જેલમાં રહે તો તેમના બાળકોને ભુખે મરવાનો વારો આવે તેમ છે. ના. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા ખુશી હોય, અરજદારને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિ. સ્પેશ્યલ પી.પી. શ્રી ટી.એ. ત્રીવેદીએ સદરહું અરજીનો વિરોધ કરી આંક. ૦૯ થી રજુ થયે ત.ક.અધિકારીના સોગંદનામાં ઉપર આધાર રાખી રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપીના જામીન મંજુર કરવામાં આવે તો સદર જમીનનો કબજો ખાલી કરે તેમ નથી તેમજ બીજા લોકોને અનયની માલિકીની અથવા તો સરકારશ્રીની માલિકીની જમીનમાં કબજો કરવા અથવા દબાણ કરવાનું પ્રોત્સાહન મળે તેવી પુરેપુરી શકયતા રહેલી છે તેમજ ભાભર વિસ્તારમાં આવા બનાવો અગાઉ પણ બનેલ હોય અને જમીનોના કબજા ખાલી કરતા ન હોય જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે, અને તે મુજબ ત.ક.અધિકારીશ્રીએ તેમનો અભિપ્રાય આપેલો છે.

૫. ઉપરોકત અરજીનો નિર્ણય કરતાં અગાઉ એ નોંધવુ જરૂરી છે કે, સદર અરજદાર વિરૂધ્ધ ભાભર પોલીસ સ્ટેશન ભાગ–બી ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૯૯૬૦૦૨૨૬૦૦૫૮/૨૦૨૬, ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમની કલમ–૩,૩(૩),૫(સી) તથા બી.એન.એસ. એકટની કલમ–૩૨૯ વિગેરે મુજબની ફરિયાદ નોંધાયેલ છે. અદાલતે કોઇપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપીની પ્રથમદર્શનીય સંડોવણી, ગુનાની ગંભીરતા, આરોપી ટ્રાયલ દરમિયાન હાજર રહેશે કે કેમ ? અને આરોપીને

જામીન પર મુકત કરવાથી સમાજ ઉપર પડનારી અસરો વિગેરે લક્ષમાં રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**૫.૧.** બન્ને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળ્યા, તપાસ કરનાર અધિકારીનું આંક.૦૯ થી રજુ થયેલ સોગંદનામું તથા પોલીસ પેપર્સ અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. આ કામે ફરિયાદ હકીકત મુજબ આરોપીએ મોજે નેસડા, તા. ભાભરના સર્વે નં. ૩૧૮ પૈકી–૧ જુનો સર્વે નં. ૯૧ પૈકી ૫ ની જે હે.આરે. ૦–૭૧–૩૫ ચો.મી. વાળી જમીન પચાવી પાડવાના હેતુસર જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી જમીનનો કબજો કરી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. જે અંગે ફરિયાદી એ કલેકટરશ્રી, બનાસકાંઠાનાઓને ઓન લાઇન અરજી કરેલ, જે અરજીના અનુસંધાને નિવાસી અધિક કલેકટરશ્રી, વાવ–થરાદના પત્ર ક્રમાંક નં. ક્રમાંક નં. બી/લેન્ડ ગ્રેબિંગ/જિલ્લા સમિતિ/નિર્ણય/વશી ૨૯૧ થી ૩૦૦૦/૨૬, તા. ૭/૦૧/૨૦૨૬ થી ગુજરાન જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ–૨૦૨૦ હેઠળ ફરિયાદ દાખલ કરવા હુકમ કરતાં, તેમજ ફરિયાદી તથા સાહેદોના નિવેદનો પરથી આરોપીએ મોજે નેસડા, તા ભાભર ના સર્વે નં. ૩૧૮ પૈકી–૧ વાળી જમીન પચાવી પાડવાના હેતુસર જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી જમીનનો કબજો કરી રાખેલ હોય આરોપી સામે ફરિયાદીએ ફરિયાદ નોંધાવેલ છે. અરજદાર તરફે આંક. ૧૧ ના લીસ્ટથી સમાધાન લેખ રજુ કરેલ છે જે મુજબ જમીનનો કબજો ફરિયાદીને પોલીસની હાજરી તથા રેવન્યુ અધિકારીની હાજરીમાં સોંપી દીધેલ છે અને જમીનનો કબજો સોંપેલ છે અને તેમાં ખેતી કરતા કે અન્ય રીતે તેમના કબજામાં કોઇપણ જાતની હરકટ અટકાયત કરશે નહી તેવો સમાધાન લેખ રજુ કરેલ છે. આ ગુનાના અન્ય આરોપી ભાવનાબેન મેવાભાઇ ઠાકોર કે જે હાલના અરજદારના પત્ની થાય છે તેમને અગાઉ ક્રિ.પર.અરજ નં.

૧૭૮/૨૦૨૬ ના કામે તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ જામીન મુકત કરેલા છે અને સદર અરજીમાં આંક. ૦૯ થી આરોપીએ પુરસીસ રજુ કરી તકરારી જમીન બાબતે તેમના સિવિલ અધિકારો ઉભા રાખી તકરારી જમીનનો વાંધા સાથે કબજો હાલના મુળ ફરિયાદીને પરત સોંપવા પુરસીસથી જાહેર કરેલી. આમ ઉપરોકત સમાધાન લેખ ધ્યાને લેતાં અરજદાર તરફે તેઓને ફરિયાદી સાથે સેટલમેન્ટ થઇ ગયેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે જે હકીકત ધ્યાને લેતાં, તેમજ અરજદાર ઘણા લાંબા સમયથી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદારની રજુઆત મુજબ તેમના બાળકોના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે જે હકીકત ધ્યાનમાં લેતાં, તેમજ અરજદાર ભાભર તાલુકાના સ્થાનિક રહેવાસી છે, સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે તે હકીકત ધ્યાને લેતાં, તેમજ અરજદાર સામેનો કેસ ચાલીને પુર્ણ થતાં સમય લાગે તેમ હોય અને તેટલા સમય સુધી જેલમાં રાખવામાં આવે તો તેમના કુટુંબના ભરણપોષનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ હો, સ્થાનિક રહેવાસી હોય તેઓની હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ હોય, તેમજ હાલની જામીન જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી વિરુધ્ધનો ગુન્હો ગુન્હાની ગંભીરતા, સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની સંભાવના, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સુનિશ્ચિતતા અને આરોપી વિરુધ્ધના ગુનાની ટ્રાયલ ચલાવવામાં પસાર થતા સમયના પાસા ધ્યાને લેવાના હોય છે. આ કામે સમગ્ર કેસની હકીકત સાથે સાથે પ્રસિધ્ધ નામદાર સુપ્રિમકોર્ટના સંજયચંદ્ર વિરૂધ્ધ સી.બી.આઇ. એ.આઇ.આર. ૨૦૧૨, સુ.કો. પેજ નં. ૮૩૦ વંચાણે લેતાં, તેમાં ઠરાવેલ છે કે, જામીનનો હેતું એ છે કે, આરોપી ન્યાયિક ઇન્સાફી કાર્યવાહી વખતે પોતાની હાજરી અદાલત સમક્ષ ઉપસ્થિત કરી શકે. જામીનનો હેતુ ન તો શિક્ષાત્મક છે કે ન તો અવરોધક છે. સ્વતંત્રતાથી વંચિત કરવુ તે એક પ્રકારની શિક્ષા તરીકે ગણી શકાય અને કોઇપણ વ્યકિતને જયારે કાયદા મુજબ

શિક્ષા કરવામાં આવે નહી ત્યાં સુધી તે નિર્દોષ છે તેવુ માનવામં આવે છે. વિશેષમાં નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના શ્રેણીબધ્ધ ચુકાદાઓમાં આરોપીની સ્વતંત્રતા અને સમાજના હિત વચ્ચે સમતુલા જાળવી જામીન અરજીનો નિર્ણય કરવા ઠરાવેલ છે, તે લક્ષમાં લેતાં, કેસની હકીકતો, સંજોગો, પરીબળો, આરોપીની સ્થિતિ, મહત્તમ સજાની જોગવાઇ, ગુન્હામાં અરજદાર/ આરોપીનો આક્ષેપિત રોલ વિગેરે રેકર્ડ ઉપરની હકીકતો અને આ સાથે પ્રોસીકયુશન તરફેની સમગ્ર રજુઆતો નિગાહે રાખતાં તેમજ ચુસ્ત અને કડક શરતોને આધીન યોગ્ય રકમના જામીન ઉપર જામીન મુકત કરવામાં આવશે તો ન્યાયિક સમતુલા સચવાઇ રહેશે તેવું મારૂ નમ્રપણે માનવું છે. સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

૧. અરજદારની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર **મેવાભાઈ માધાભાઈ ઠાકોર,** રહે. નેસડા, તા. ભાભર, જિ. બનાસકાંઠા નઓને ભાભર પોલીસ સ્ટેશન ભાગ-બી ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૯૯૬૦૦૨૨૬૦૦૫૮/૨૦૨૬, ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમની કલમ-૩,૩(૩),૫(સી) તથા બી.એન.એસ. એકટની કલમ-૩૨૯ મુજબના ગુન્હાના કામે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

૧. અરજદાર/આરોપીએ દર મહીનાની ૧લી અને ૧૫ મી તારીખે સવારે ૯-૦૦ થી બપોરના ૧૩-૦૦ દરમ્યાન સુધી કંન્શર્ન પોલીસ સ્ટેશનમાં પોતાની હાજરી ૬ (છ) માસ સુધી પુરાવવી.

૨. અરજદાર/આરોપીએ ફરિયાપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહી, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૩. અરજદાર/આરોપીએ કેસનો આખરી નિકાલ થતાં સંધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત ધરાવતી અદાલતની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન રજુ કરતી વખતે પાસપોર્ટ રજુ કરવો, અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિન–સાત માં પાસપોર્ટ જમા કરાવવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું કરવું.

૫. અરજદાર/આરોપીએ જામીાન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયાના દિન–સાતમાં પાસપોર્ટ સાઈઝના પોતાના બે ફોટા રજુ કરવા તેમજ અરજદાર/આરોપીના જામીનદારે પણ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા જામીનની સધ્ધરતાનો આધાર સાથે જામીન આપતી વખતે રજુ કરવા.

૬. અરજદાર/આરોપીએ કોઈ ગુન્હાહિત પ્રવૃતિમાં સંડોવાવું નહી કે ગુન્હાનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

૭. અરજદાર/આરોપીને આ કામના ત.ક.અધિકારીશ્રી તપાસના કામે જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેવું અને પોલીસ તપાસમાં સંપુર્ણ સાથ સહકાર આપવો.

૮. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમિત રીતે હાજર રહેવું.

૯. ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો અરજદાર/આરોપીની જામીન મુકિતનો હુકમ રદ થવાને પાત્ર ઠરશે.

– અરજદાર/આરોપીએ જામીન અત્રેની કોર્ટમાં રજુ કરવા.

– હુકમની યાદી પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા. ૧૯ મી માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૧૯/૦૬/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
સ્પેશ્યલ (જી.એલ.જી.પી.) અને
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

**//raval//**

સ્પેશ્યલ (જી.એલ.જી.પી) અને
ત્રીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.